©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] MONDAY, 10th AUGUST, 2026/SRAVANA 19, 1948 [No. 6208

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

વિરમગામ વિસ્તાર વિકાસ સત્તામંડળ

મુખ્ય અધિકારી વિરમગામ નગરપાલિકા, વિરમગામ

મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩ (વિરમગામ) નો મુસદો પ્રસિધ્ધ કરવા બાબત

અધિસૂચના

No. VRGNP/0022/08/2026.– આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોકત (મુસદ્દારૂપ) યોજનાનો મુસદ્દો ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૨(૧) અને અધિનિયમનાં નિયમો-૧૯૭૯ ના નિયમ-૧૮ અન્વયે તૈયાર કરી પ્રસિધ્ધ કરવામાં આવે છે. આ યોજનાની મુખ્ય હદો નીચે મુજબ છે.

ઉત્તરે : મોજે : નિલ્કી ગામનો સીમાડો

દક્ષિણે : રેલવે લાઈન તથા મોજે -વિરમગામ પૈકીનો વિસ્તાર

પુર્વે : મોજે : વિરમગામ પૈકીનો વિસ્તાર

પશ્ચિમે : મોજે : ભોજવા ગામનો વિસ્તાર

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિતસંબંધ ધરાવનાર વ્યકિતઓ તથા જાહેર જનતાને જોવા માટે નગર સેવા સદન,વિરમગામ નગરપાલિકાની કચેરી,અટલ બિહારી વાજપેયી ભવન,ગાંધી હોસ્પિટલ સામે, માંડલ રોડ,વિરમગામ- ૩૮૨૧૫૦ ની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજયપત્રમાં ઉપરોકત અધિસુચનની પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહીનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઈપણ વ્યક્તિ આ યોજનાના સંબંધમાં વાંધા/સુચનો બે નકલોમાં લેખિતમાં મુખ્ય અધિકારીશ્રી, વિરમગામ નગરપાલિકાને સુપ્રત કરશે, તો વિરમગામ નગરપાલિકા/સત્તામંડળ,સદરહુ યોજનાનો મુસદ્દો, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ ની કલમ-૪૮ હેઠળ સરકારશ્રીમાં સાદર કરતાં પહેલા ગુણવત્તાના ધોરણે વિચારણામાં લેશે, જેની નોંધ લેવા વિનંતી છે.

વિરમગામ

તા. ૦૫-૦૮-૨૦૨૬

સહી/- અવાચ્ય
મુખ્ય અધિકારી
વિરમગામ નગરપાલિકા

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.08.11 12:29:26 IST